તારીખ : 29/10/2018 | વિષય : સામાજિક વિજ્ઞાન | ગુણ : 80
વાર : સોમવાર | ધોરણ : 8 (પ્રથમ સત્ર) | સમય : 2:00 થી 5:00

---

**પ્રશ્ન-1** આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. 16

1. વાસ્કો-દ-ગામાને ભારત આવવાનો જળમાર્ગ શોધવામાં કયા ખલાસીએ મદદ કરી હતી ?
(A) અલ્બુકર્ક (B) મહમદ-ઇબ્ન-મજીદ (C) ઝામોરિન (D) મીર કાસીમ
2. ભારતમાં કયા મુઘલ બાદશાહના સમયમાં પોર્ટુગીઝ સત્તાનો અંત આવ્યો ?
(A) અકબર (B) બાબર (C) જહાંગીર (D) શાહજહાં
3. આપણે પૃથ્વીના જે ભાગ ઉપર વસવાટ કરીએ છીએ તે ભાગ કયા આવરણમાં આવે ?
(A) મૃદાવરણ (B) જલાવરણ (C) જીવાવરણ (D) તમામ
4. ભારતની બંધારણ સભાના અધ્યક્ષ તરીકે કોને ચૂંટવામાં આવ્યા હતા ?
(A) ડૉ.રાજેન્દ્રપ્રસાદ (B) ડૉ.આંબેડકર (C) વિનોબા ભાવે (D) સરદાર પટેલ
5. અંગ્રેજોની કઇ નીતિ "મીઠા ઝેર" સમાન હતી ?
(A) કાયમી જમાબંધી (B) ખાલસા નીતિ (C) સહાયકારી યોજના (D) તમામ
6. ભારતમાં કેટલી જગ્યાએ જવાળામુખી આવેલા છે ?
(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર
7. કોર્નવોલિસ નામના ગવર્નર જનરલે કઇ મહેસુલ પદધતિ અમલ મૂકી ?
(A) કાયમી જમાબંધી (B) ખાલસા નીતિ (C) સાલિયાણું (D) જમા ઉધાર
8. છેલ્લા 100 વર્ષમાં પૃથ્વી પર કેટલા સેન્ટીગ્રેડ તાપમાનની વૃદ્ધિ જણાઇ છે.
(A) $0.4^{\circ}$ સે (B) $0.6^{\circ}$ સે (C) $0.5^{\circ}$ સે (D) $0.8^{\circ}$ સે
9. રાજયસભામાં કેટલા સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે ?
(A) 12 (B) 22 (C) 181 (D) 545
10. નીચેનામાંથી કોનો સમાવેશ જલાવરણમાં થાય છે ?
(A) મહાસાગર (B) પર્વત (C) ઉચ્ચપ્રદેશ (D) રણ
11. અમેરિકાના મૂળ વતનીઓ કયા નામે ઓળખાય છે ?
(A) વેસ્ટ ઇન્ડિયન (B) રેડ ઇન્ડિયન (C) ઇન્ડિયન (D) તમામ
12. આપણા દેશમાં કેટલી વયની ઉપરના લોકો મત આપે છે ?
(A) 21 (B) 25 (C) 16 (D) 18
13. નીચેનામાંથી કયું વાવાઝોડાનું નામ નથી ?
(A) હરિકેન (B) ટોર્નેડો (C) વંટોળ (D) ત્સુનામી
14. કોઇ પ્રદેશના ભેજ, તાપમાન અને વરસાદની દ્રંકા ગાળાની સરેરાશ સ્થિતિ એટલે ?
(A) આબોહવા (B) વરસાદ (C) તાપમાન (D) હવામાન
15. ભારતમાં સર્વોચ્ચ સંસ્થા કઇ છે ?
(A) સંસદ (B) ગ્રામ પંચાયત (C) વિધાનસભા (D) ધારાસભા



Scanned by CamScanner

16. ઘાનું ઝેર શરીરમાં વ્યાપી ન જાય તે માટે તલવારથી પોતાનો હાથ કોણીમાંથી કાપી નાખનાર જાગીરદાર કોણ હતા ?

(A) કુંવરસિંહ (B) નાના સાહેબ (C) તાત્યાટોપે (D) મંગલ પાંડે

**પ્રશ્ન-2 નીચેની ખાલીજગ્યા પૂરો** 04

(A) 1. ગ્લોબલ વોર્મિંગ એટલે પૃથ્વીના વાતાવરણને ગરમ કરનારી..................... ઇફેક્ટ.

2. આપણા બંધારણની શરૂઆત.................થી થાય છે.

3. ચૂંટાયેલા એમ.પી.ને .................... પણ કહેવામાં આવે છે.

4. ચકલી, ગીધ જેવી પક્ષીઓની જાતિઓ ........................ની અસરને કારણે લુપ્ત થઇ રહી છે.

(B) **નીચે આપેલ વિધાનોના ખરાં છે કે ખોટાં તે જણાવો.** 04

1. ભૂકંપના લીધે વન્યસંપત્તિને લાભ થાય છે.
2. બેન્ટિકના સમયમાં સતીપ્રથા અટકાવવાનો કાયદો અમલમાં આવ્યો.
3. અધ્યક્ષ(સ્પીકર) લોકસભાનું સંચાલન કરે છે.
4. કંપની શાસનમાં ભારતીય સૈનિકોને માસિક 7 રૂપિયા જેટલો પગાર મળતો હતો.

(C) **નીચે આપેલાં જોડકાં યોગ્ય રીતે જોડો.** 04

| A | B |
|---|---|
| 1. ડેલહાઉસી | A. અંગ્રેજ વહાણનો કપ્તાન |
| 2. નિઝામ | B. ગવર્નર જનરલ |
| 3. અલ્બુકર્ક | C. હૈદરાબાદના શાસક |
| 4. ઇલીઝાબેથ | D. પોર્ટુગીઝ સેનાપતિ |
| | E. ઇંગ્લેન્ડની મહારાણી |

(D) **મને ઓળખો** 04

1. જીવ્યો ત્યાં સુધી હું પોતાને હિન્દુસ્તાનનો શોધક માનતો રહ્યો.
2. ભારતમાં પ્રથમ રેલવેની શરૂઆત મારા કાર્યકાળમાં થઇ.
3. હું તાપમાન, ભેજ અને વરસાદની લાંબાગાળાની સરેરાશ સ્થિતિ દર્શાવું છું.
4. કાનપુરમાં 22 દિવસના ઘેરા બાદ મેં અંગ્રેજોને મારા શરણે લાવી દીધા હતા.

(E) **નીચે આપેલા વિધાનોમાંથી ખોટો શબ્દ છેકી નાંખી વિધાન ફરીથી લખો. (કોઇપણ ચાર)** 04

1. તોફાને ચડેલી હવાને **ત્સુનામી/ચક્રવાત** કહે છે.
2. લોકસભા એ સંસદનું **ઉપલું/નીચલું** ગૃહ છે.
3. ભારતમાં ટપાલ પદ્ધતિની શરૂઆત **વેલેસ્લી/ડેલહાઉસી** એ કરી.
4. ભારત **સાંપ્રદાયિક/બિન સાંપ્રદાયિક** રાષ્ટ્ર છે.
5. જલાવરણ/વાતાવરણને નરી આંખે જોઇ શકાતો નથી.



Scanned by CamScanner

(F) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યોમાં આપો. (કોઇપણ ચાર) 04

1. બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ કોણ હતા ?
2. ડેલહાઉસીએ કઇ નીતિ અમલમાં મૂકી હતી ?
3. વાવાઝોડું એટલે શું ?
4. ભારતમાં સતીપ્રથા અટકાવવાનો કાયદો કયારે અમલમાં આવ્યો ?
5. ખેડા જિલ્લામાં સંગ્રામની આગેવાની કોણે લીધી ?

**પ્રશ્ન-3** નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ આપો (કોઇ પણ ત્રણ) 06

(A)
1. પોર્ટુગીઝ સત્તાનો અંત કેવી રીતે આવ્યો ?
2. ડેલહાઉસીએ ખાલસા નીતિ દ્વારા કયા કયા રજવાડાઓ ખાલસા કર્યા ?
3. ગ્રીન હાઉસ વાયુઓ કયા કયા છે ?
4. વિલિયમ બેન્ટિક ભારતમાં કયા કયા સુધારા કર્યા ?

(B) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (કોઇ પણ ત્રણ) 06

1. ડચ લોકોએ ભારતમાં કયાં કયાં કોઠીઓ સ્થાપી ?
2. પૃથ્વી પર કેટલા અને કયા કયા આવરણો આવેલા છે ?
3. દાવાનળ એટલે શું ?
4. પૃથ્વી કેવી રીતે ગરમ થાય છે ?

(C) **નીચે આપેલ વિધાનોને કારણ આપી સમજાવો (કોઇ પણ ત્રણ)** 06

1. આપણા બંધારણમાં નિયમો અને જોગવાઇઓ છે.
2. અંગ્રેજ શાસનમાં ભારતનાં ગામડાં પડી ભાંગ્યાં.
3. વૈશ્વિક તાપમાન વધી રહ્યું છે.
4. રાજયસભા સંપૂર્ણ વિસર્જિત થતી નથી.

**પ્રશ્ન-4 નીચે આપેલા પ્રશ્નોના જવાબ ચાર-પાંચ વાક્યોમાં આપો. (કોઇ પણ ત્રણ)** 09

(A)
1. અંગ્રેજોએ ભારતમાં સ્થાપેલી વેપારી કોઠીઓ વિશે જણાવો.
2. બંધારણ એટલે શું ? તેની શી જરૂરિયાત છે ?
3. આપત્તિ સમયે કઇ કઇ સાવચેતી રાખશો ?
4. પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ નિષ્ફળ જવાનાં કારણો જણાવો.



Scanned by CamScanner

(B) ટૂંક નોંધ લખો (કોઇપણ બે) 08

1. વાતાવરણ
2. અંગ્રેજ શાસનની ભારતીય ઉદ્યોગો પર અસરો.
3. સંસદીય લોકશાહી

પ્રશ્ન-5 દુનિયાના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય રીતે દર્શાવી નકશાપૂર્તિ કરો 05

1. કેપ-ઓફ-ગુડહોપ
2. ઉત્તર અમેરિકા
3. કાલિકટ
4. હિન્દ મહાસાગર
5. વિષુવવૃત



Scanned by CamScanner